**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૧/૨૦૧૨ ને શુક્રવાર ના રોજ સવાર ના ૧૧.૩૦ કલાકે મળેલ ૨૧૩ મી બેઠકની કાર્યવાહી નોંધ**

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી,<br>વડોદરા મહાનગર સેવા સદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજયના પ્રતિનિધિ<br>પ્રવર નગર નિયોજકશ્રી,<br>દ.ગુ. વિભાગ,<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | સીટી એન્જીયરશ્રી,<br>વડોદરા મહાનગર સેવાસદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૫) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

આ ઉપરાંત બેઠકમાં કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન વતી ડે.મ્યુ. કમિશ્નરશ્રીએ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વતી નાયબ જિલ્લા વિકાસ અધિકારશ્રી હાજર રહેલ હતા.

સભાની શરૂઆતમાં શ્રી જયંતિભાઇ રાવજીભાઇ પટેલ, માજી મેયર અને માજી અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ વડોદરા મહાનગર સેવાસદન તથા વુડા બોર્ડ ના માજી સભ્યશ્રી નુ આજ રોજ દુઃખદ અવસાન થતા બે મિનિટ નું મૌન પાળી સ્વર્ગસ્થના આત્મા ને શ્રધ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**<u>મુધ્દા નંબર (૧)</u> : સત્તામંડળની તા.૦૮/૦૭/૨૦૧૧ ની ૨૧૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા. ૦૮/૦૭/૨૦૧૧ ની ૨૧૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૧૩૮/૨૦૧૧ તા.૧૩/૦૭/૨૦૧૧ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૬૧)</u>:** સત્તામંડળની તા.૦૮/૦૭/૨૦૧૧ ની ૨૧૨ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા. ૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૨):** સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૧૦ થી ઓકટોબર-૨૦૧૧ સુધીના ના માસિક હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૧૦ થી ઓકટોબર-૨૦૧૧ સુધીના માસિક આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**ઠરાવ ક્રમાંક (૨૦૬૩):** સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૧૦ થી ઓકટોબર-૨૦૧૧ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર : (૪) માધવ લેબર સપ્લાયર મારફતે કામગીરી કરતી વ્યકિતઓના મહેનતાણા માં વધારો કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની રોજ બરોજ ની કામગીરી માટે જરૂરીયાત અનુસાર કુલ ૧૭ વ્યકિતઓ ની સેવાઓ માધવ લેબર સપ્લાયર મારફતે લેવામાં આવે છે.તેઓને હાલમાં લઘુત્તમ વેતન ધારા હેઠળ રોજના રૂ.૧૮૭.૬૦ પ્રમાણે ચુકવણું કરવામાં આવે છે.સદર વ્યકિતઓ ધ્વારા હાલની કારમી મોઘવારી જોતા આટલા ઓછા વેતનમાં જીવન નિર્વાહ ચલાવવુ મુશ્કેલ હોઇ વેતનમાં વધારો કરી આપવા રજુઆત કરવામાં આવેલ છે .

આ બાબતે કચેરીમાં એ.જી.રાજકોટ ના ઓડીટ દરમ્યાન ઓડીટમાં આવેલ અધિકારી ઓ સાથે ચર્ચા કરતા તેઓએ જણાવેલ છે કે, દરેક વ્યકિતઓ ને લઘુત્તમ વેતન મુજબનુ વેતન મળવુ જોઇએ. તેના કરતા ઓછુ વેતન આપી શકાય નહી પરંતુ વધુ વેતન આપવુ હોય તો કચેરી આપી શકે છે.આ બાબતમાં માધવ લેબર સપ્લાયર્સ સાથે ચર્ચા વિચારણા કરતા તેઓશ્રીએ તારીખ : ૨૮-૧૨-૨૦૧૧ ના પત્રથી જણાવેલ છે કે અંદાજે ૩-વર્ષ કે ૫-વર્ષ ના અનુભવી વ્યકિતઓને લઘુતમ વેતન કરતા આશરે ૨૫% થી ૩૦ % વધારો આપવામાં આવે છે. તેજ રીતે વુડામાં માધવ લેબર ધ્વારા પૂરા પાડવામાં આવતા વ્યકિતઓને પણ આપવા પાત્ર થાય છે.

જે વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને ૫-વર્ષ માટે ફીકસ પગારથી ભરતી કરવામાં આવે છે તેઓ માટે તા. ૨૯/૦૪/૨૦૧૦ ના ઠરાવ થી નિયત કરવામાં આવેલ ફીકસ પગાર ના દરોમાં સરકારશ્રીના નાણાં વિભાગના ૬/૧૦/૨૦૧૧ ના ઠરાવ થી નીચેની વિગતે ૨૮ % થી ૮૮ % સુધીનો વધારો કરવામાં આવેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ફીકસ પગાર | રૂા.૩૫૦૦/- | ના | રૂા.૪૫૦૦.૦૦ | ૨૮ % |
| ૨. | ફીકસ પગાર | રૂા.૪૫૦૦/- | ના | રૂા.૫૩૦૦.૦૦ | ૧૮ % |
| ૩. | ફીકસ પગાર | રૂા.૫૦૦૦/- | ના | રૂા.૯૪૦૦.૦૦ | ૮૮ % |
| ૪. | ફીકસ પગાર | રૂા.૬૦૦૦/- | ના | રૂા.૧૦૦૦૦.૦૦ | ૬૬ % |

ઉંપરોકત વિગતે સત્તામંડળમાં કોન્ટ્રાકટ થી ફરજ બજાવતા વ્યકિતઓને નીચે અનુભવ પ્રમાણે વર્ષવાર નીચે મુજબની વિગતે હાલ મળતા વેતન ઉપર પગાર વધારો કરવા તેમજ વર્ષાન્તે દર વર્ષે ૧૦% ઇજાફાના સ્વરૂપે વધારો કરવા નિર્ણય લેવાનો થાય છે.

| અનુભવ | હાલના પગારમાં વધારો |
|---|---|
| ૩- વર્ષનો અનુભવ | ૧૫ % |
| ૫- વર્ષનો અનુભવ | ૨૨ % |
| ૭- વર્ષનો અનુભવ | ૨૮ % |
| ૧૦- વર્ષ કે તેથીવધુ અનુભવ | ૩૦ % |

ઉંપરોકત વિગતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૪):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ માં માધવ લેબર સપ્લાયર મારફતે ફરજ બજાવતા વ્યકિતઓ ના વેતનમાં હાલ મળતા વેતનમાં ઉપરોકત વિગતે સુચવ્યા મુજબ પગાર વધારો કરવા તેમજ વર્ષાન્તે દર વર્ષે ૧૦% ઇજાફાના સ્વરૂપે વધારો કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તથા આ અંગે ની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર :(૫) મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની બાકી રહેતી ૧૫૯૮૫ વાળી જમીન સંપાદન કરવા બાબત.**

વુડાની વિકાસ યોજનામાં ટ્રાન્સપોર્ટનગર માટે અનામત રાખેલ મોજે આમલીયારા ની કુલ- હે.આરે.પ્રતિ ૨૫-૯૯-૯૩ ચો.મી. જમીનો સંપાદન કરવામાં આવેલ છે. એકત્રીકરણ નો અમલ થતા બ્લોક નં.૧૭૪ ની કુલ .આરે. પ્રતિ ૨-૦૧-૩૩ જમીન પૈકી હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ જમીનનો બ્લોક બનાવેલ હતો. જેથી સદર બ્લોક ની આટલી જ જમીનનું ચુકવણું જે તે સમયે કરવામાં આવેલ છે. જેથી બાકી રહેતી જમીન અંગે મૂળ જમીન માલિક શ્રી દિલીપ જગમોહનદાસ દફતરી એ જમીનમાંથી ટ્રાન્સપોર્ટનગરનો ઝોન સુધારી જમીનને મુળ સ્થિતિમાં લાવી મુકત કરવા હાઈકોર્ટ માં પીટીશન દાખલ કરેલ.. હાઈકોર્ટધ્વારા તા.૧૬-૦૩-૨૦૧૧ ના રોજ સુનાવણી કરેલ હતી. ના.હાઈકોર્ટે અરજદારની અરજી પરત્વે વુડા બોર્ડ ધ્વારા લેવાયેલ નિર્ણયની જાણ શ્રી દફતરીને કરવી તેવો હુકમ કરેલ છે.

ડીઆઈએલઆર માંથી લીધેલ વિગત મુજબ બ્લોક નં.૧૭૪ એકત્રીકરણ નો અમલ થતા હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ જમીનનો બ્લોક બનાવેલ હતો જેથી તે બ્લોક ની આટલી જ જમીનનું ચુકવણું કરવામાં આવેલ છે. ત્યારબાદ એકત્રીકરણમાં વેરીયેશન દુરસ્તી પત્રક નં. ૧૬ તા. ૨૬-૦૭-૨૦૦૦ થી સદરહું બ્લોક નં.ના ક્ષેત્રફળમાં સુધારો થતા હે.આરે.પ્રતિ ૦૧-૯૩-૨૪ જરા + હે.આરે.પ્રતિ ૦૦-૦૮-૦૯ કયારી મળી કુલ હે.આરે. પ્રતિ ૨-૦૧-૩૩ જમીન થયેલ છે.

એકત્રીકરણ વખતે થયેલ ભુલ અને ત્યારબાદ થયેલ સુધારા અન્વયે જે તે સમયે વુડાને કોઈપણ જાતની જાણ કરવામાં આવેલ નથી મામલતદાર કચેરીમાં થી ૭ × ૧૨ ની નકલ મુજબ બ્લોક નં.૧૭૪ પૈકી ૧ નું ક્ષેત્રફળ હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ વુડાના નામે દર્શાવેલ છે તથા બ્લોક નં.૧૭૪/૧ નું ક્ષેત્રફળ હે.આરે.પ્રતિ ૦૧-૫૯-૮૫ શ્રી દફતરી દિલીપકુમાર જગમોહનદાસ ના નામે દર્શાવેલ છે.અને બીજા હકક માં શહેરી વિકાસ સત્તામંડળ ના નામે હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ જમીન દર્શાવેલ છે. આમ બ્લોક નં. ૧૭૪ પૈકી ૧ ની હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ ક્ષેત્રફળ વાળી જમીનનું વુડાએ ચુકવણું કરેલ છે. એકત્રીકરણની ભુલના કારણે હે.આરે. પ્રતિ ૦૧-૫૯-૮૫ જમીન જે તે સમયે સંપાદન કરેલ બ્લોકમાં ઓછી દર્શાવેલ હોઈ જેથી તેનું ચુકવણું કરવાનું રહી ગયેલ છે. જે અન્વયે સત્તામંડળની તા. ૧૯-૦૩-૨૦૧૧ ની ૨૧૧ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૨૦૫૨) થી મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની પુરી જમીન વુડાએ સંપાદન કરેલ છે. પરંતુ ક્ષેત્રફળમાં સંપાદન થયા બાદ જણાઈ આવેલ વિસંગતતા પરત્વે ક્ષેત્રફળના તફાવતની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી જમીન ના વળતર ના તફાવત ની રકમ ના નાણાં ચુકવવા અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવા કલેકટરશ્રી ને જાણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

ઉંપરોકત હકીકત ધ્યાને લઇ મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ ની જમીન ના ક્ષેત્રફળમાં સંપાદન થયા બાદ જણાઈ આવેલ વિસંગતતા પરત્વે ક્ષેત્રફળના તફાવતની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી જમીન ના વળતર ના તફાવત ની રકમ ના નાણાં ચુકવવા અંગે ના હુકમો થવા માટે અત્રેના નં યુડીએ/અડીએમ/૬૮/૨૦૧૧ તા. ૧૧/૦૪/૨૦૧૧ થી કલેકટરશ્રી વડોદરા ને દરખાસ્ત કરવામાં આવેલ. જે અન્વયે કલેકટરશ્રી,વડોદરાએ તા.૯/૦૮/૨૦૧૧ ના પત્રથી જણાવેલ છે કે, ક્ષેત્રફળની વિસંગતતા ના કારણે જો સંપાદક સંસ્થાને બાકી રહેતા ક્ષેત્રફળવાળી જમીન સંપાદન હેઠળ જોઇતી હોય તો જમીન સંપાદન અધિનિયમ-૧૯૮૪ મુજબ નવેસરથી દરખાસ્ત કરવાની રહે છે. વિસંગતતા ના કારણે બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી. જમીનના વળતરના તફાવતની રકમના નાણાં ચુકવી શકાય નહિ. વધુમાં જણાવેલ છે કે, જમીન સંપાદન ની તમામ પ્રક્રિયા બ્લોક નં ૧૭૪ ના ૦-૪૧-૪૮ ક્ષેત્રફળની કરવામાં આવેલ છૈ, જેથી બાકી રહેલી જમીન સંપાદન હેઠળ જોઇતી હોય તો નવેસરથી દરખાસ્ત કરવાની રહે છે અથવા ખાતેદાર ખાતેદાર પાસેથી જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી ખરીદ થઇ શકે.

સદર બાબતે મુળ જમીન માલિક શ્રી જમીન માલિક શ્રી દિલીપ જગમોહનદાસ દફતરી એ ના.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં ૬૧૯૧/૨૦૧૧ થી કેસ દાખલ કરેલ છે જેથી આ બાબતે વુડા ના ના.

હાઈકોર્ટ ના પેનલ ના વકીલ શ્રી હેમંત.એસ.મુન્સો ને સદર કામે ના. હાઈકોર્ટ માં જરૂરી રજુઆત કરવાના કામે આ બાબત ધ્યાને લેવા જણાવેલ છે.

સબબ ઉપરોકત હકીકત ધ્યાને લઇ મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી. વાળી જમીન સંપાદન કરવા અંગે દરખાસ્ત કરવા અંગે ચર્ચા વિચારણા કરતા સર્વસભ્યશ્રીઓ સવાલવાળી જમીન જમીન સંપાદન ધારા હેઠળ સંપાદન કરવા કલેકટરશ્રી વડોદરા ને દરખાસ્ત કરવા તેમજ જમીન નું જે કાંઇ મુલ્યાંકન થાય તે અંગે જમીન માલિક સાથે નેગોશીએશન કરવા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ માં ચાલતા કેસ અંગે ચાલતા કેસ અગે જે નિર્ણય આવે તે મુજબ કાર્યવાહી કરવી એવો મત રજુ કર્યો અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૫):** આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી. વાળી જમીન જમીન સંપાદન ધારા હેઠળ સંપાદન કરવા કલેકટરશ્રી વડોદરા ને દરખાસ્ત કરવા તેમજ જમીન નું જે કાંઇ મુલ્યાંકન થાય તે અંગે જમીન માલિક સંમત થાય તો સંમતિ કરારથી સંપાદન અંગે નેગોશીએશન કરવા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ માં ચાલતા કેસ અંગે જે નિર્ણય આવે તે મુજબ કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે ની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર (૬): સત્તામંડળની માલિકી ની પાદરા નગર રચના યોજના નં ૧અને ૨ નગર રચના યોજના ની જમીનોના નિકાલ બાબત.**

વુડાની તા. ૧૧/૦૬ /૨૦૧૦ ની ૨૦૭ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૨૦૧૭) થી વુડાની મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ વેચાણપાત્ર વાણિજય પ્લોટોમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ સ્થાનિક વાણિજય ઝોન તથા રસ્તાની પહોળાઈના આધારે પ્રવર્તમાન જી.ડી.સી.આર મુજબ વાણિજય તથા રહેણાંક હેતુ મળવાપાત્ર ઉપયોગો માટે પરવાનગી મળવાપાત્ર રહેશે તેમ દર્શાવી નિકાલ કરવા ઠરાવવામાં આવેલ છે. જેના કારણે પ્લોટોમાં વાણિજય તથા રહેણાંક હેતુ માટેના બંને ઉપયોગો મળવાપાત્ર થતા હોવાથી આ પ્લોટો ખરીદનારને પુરેપુરી એફ.એસ.આઈ.નો ઉપયોગ થવાની શકયતા રહેતી હોઈ વુડાને સદર પ્લોટ વેચાણ દ્વારા સારી વેચાણ કિંમત ઉપજી શકે તેમ છે તથા આ પ્લોટોનો ઝડપથી વિકાસ થવાની શકયતા જણાય છે.આ સંજોગોમાં જો સદર જમીન ની અપસેટ પ્રાઇસ વધારવામાં આવે તો ઉંપરોકત નકકી કરેલ કિંમત કરતા પણ વધુ કિંમત ઉંપજી શકે તેમ હોઇ મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ ફાઇનલ પ્લોટ ની નવેસર થી અપસેટ પ્રાઇસ નકકી કરી તેની ઓફરો મંગાવી તેને જાહેર હરાજીમાં તબદીલ કરી નિકાલ કરવા નિર્ણય લેવા તા. ૯/૦૭/૨૦૧૦ ની પ્રાઇસ કમિટિ માં રજુ કરાતા સવાલવાળી જમીનો ના નીચેની વિગતે નકકી કરેલ ભાવ વુડા બોર્ડ મા રજુ કરવામાં આવેલ

| અ.નં | ટી.પી.સ્કીમ ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | જંત્રી મુજબનો ભાવ | ટી.પી.ઓ ધ્વારા મુલ્યાંકન | કમિટિ ધ્વારા અંતિમ થયેલ ભાવ |
|---|---|---|---|---|---|
| ૧. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૦ | ૧૬૬૬ | ૩૮૦૦ | ૧૨૫૨૦ | ૧૨૫૨૦ |
| ૨ | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૩ | ૩૦૯૧ | ૩૮૦૦ | ૧૧૨૬૦ | ૧૧૨૬૦ |
| ૩ | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૪ | ૩૦૭૮ | ૩૮૦૦ | ૧૧૬૩૦ | ૧૧૬૩૦ |
| ૪. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૫૭ | ૧૧૯૫ | ૩૮૦૦ | ૧૨૫૨૦ | ૧૨૫૨૦ |
| ૫. | નગર રચના યોજના પાદરા નં ૧ ફા.પ્લો નં ૧૧૮ | ૧૧૮૮ | ૩૮૦૦ | ૧૦૪૭૦ | ૧૦૪૭૦ |
| ૬. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૯ | ૧૩૫૪ | ૩૮૦૦ | ૧૭૦૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૭. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૦ | ૮૪૫ | ૩૮૦૦ | ૧૭૦૫૦ | હાલ મોકુફ(સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૮. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૫૯ | ૧૭૪૫ | ૩૮૦૦ | ૮૯૭૦ | ૮૯૭૦ |
| ૯. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૪ | ૧૪૬૫ | ૩૮૦૦ | ૮૯૭૦ | ૮૯૭૦ |
| ૧૦ | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૬૫ | ૨૫૪૮ | ૩૮૦૦ | ૧૫૩૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૧૧. | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૧ | ૪૮૮ | ૩૮૦૦ | ૧૫૩૫૦ | હાલ મોકુફ (સુચિત ડી.પી.રોડ ની અસરના કારણે) |
| ૧૨ | નગર રચના યોજના પાદરા નં ૨ ફા.પ્લો નં ૭૨ | ૭૬૮ | ૩૮૦૦ | ૯૨૦૦ | ૯૨૦૦ |

ઉંપરોકત વિગતે પ્રાઇસ કમિટિ એ નકકી કરેલ ભાવો સત્તામંડળ ની તા. ૦૯/૦૭/૨૦૧૦ ની બેઠકમા રજુ થતા ઠરાવ ક્રમાંક (૨૦૨૫) થી મંજુર નગર રચના યોજના પાદરા નં.૧ તથા નં.૨ માં દર્શાવેલ

ફાઈનલ પ્લોટ તા. ૯/૭/૨૦૧૦ ની લેન્ડ પ્રાઇસ કમિટિએ ઉંપરોકત વિગતે નકકી કરેલ અપસેટ પ્રાઇસ મુજબ ઓફરો મંગાવી તેને જાહેર હરાજીમાં તબદીલ કરી નિકાલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. પરંતુ સરકારશ્રી ધ્વારા જંત્રી ના ભાવમાં વધારો થતાં સવાલવાળી જમીનો ની નવેસરથી અપસેટ પ્રાઇસ નકકી કરવાની થતી હોવાથી તા. ૨૦/૦૧/૨૦૧૨ ના રોજ મળનાર લેન્ડ પ્રાઇસ કમિટિ માં નવેસર થી અપસેટ પ્રાઇસ નકકી કરવા મુદદો રજુ કરવા માં આવેલ.લેન્ડ પ્રાઇસ કમિટિ ધ્વારા સવાલવાળી જમીનોના નીચે દર્શાવેલ વિગતે ભાવ નકકી કરવામાં આવેલ છે.

| નગર રચના યોજના | ફાયનલ પ્લોટ નં | ક્ષેત્રફળ ચો.મી | હેતુ | જંત્રી મુજબનો ભાવ પ્રતિ ચો.મી. | કમિટિ ધ્વારા અંતિમ થયેલ ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|---|
| પાદરા નગર રચના યોજના નં ૧ | ૧૫૦ | ૧૬૬૬ | વાણિજય | ૧૦૦૦૦/- | ૧૭૦૧૨/- |
| પાદરા નગર રચના યોજના નં ૧ | ૧૫૩ | ૩૦૯૧ | વાણિજય | ૧૦૦૦૦/- | ૧૭૦૧૨/- |
| પાદરા નગર રચના યોજના નં ૧ | ૧૫૪ | ૩૦૭૮ | વાણિજય | ૧૦૦૦૦/- | ૧૭૦૧૨/- |
| પાદરા નગર રચના યોજના નં ૧ | ૧૫૭ | ૧૧૯૫ | વાણિજય | ૧૦૦૦૦/- | ૧૭૦૧૨/- |
| પાદરા નગર રચના યોજના નં ૨ | ૫૯ | ૧૩૫૪ | વાણિજય | ૮૦૫૦/- | ૧૩૯૦૦/- |
| પાદરા નગર રચના યોજના નં ૨ | ૬૪ | ૮૪૫ | વાણિજય | ૭૪૦૦/- | ૧૩૯૦૦/- |
| પાદરા નગર રચના યોજના નં ૨ | ૭૨ | ૭૬૮ | વાણિજય | ૭૪૦૦/- | ૧૩૯૦૦/- |

લેન્ડ પ્રાઇસ કમિટિ ધ્વારા નકકી કરેલ ઉપરોકત વિગતના ભાવ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવતા તે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૬):** સત્તામંડળ ની પાદરા નગર રચના યોજના નં ૧ તથા ૨ માં આવેલ વાણિજય વેચાણ ની જમીનોના લેન્ડ પ્રાઇસ કમિટિ ધ્વારા ઉપરોકત વિગતે નકકી કરેલ અપસેટ પ્રાઇસ મુજબ જાહેર હરાજી થી નિકાલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ આ અંગે ની આગળ ની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર (૭) વુડાની વેમાલી નગર રચના યોજના નં ૧ તથા બીલ નગર રચના યોજના નં ૧ હેઠળ સંપ્રાપ્ત થયેલ જમીનો ના નિકાલ બાબત.**

વેમાલી નગર રચના યોજના નં ૧ તા. ૨૪/૦૫/૨૦૦૬ થી તથા બીલ નગર રચના યોજના નં ૧ તા.૦૭/૦૬/૧૯૯૯ થી મંજુર થઇ અમલમાં આવેલ છે. સદર બંને યોજના માં વુડા ને વિવિધ હેતુ માટે નીચેની વિગતે જમીનો સંપ્રાપ્ત થયેલ છે

| અ.નં | ટી.પી.સ્કીમ નં | ફા.પ્લોટ નં | ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|
| ૧. | વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૬૮ | ૧૯૮૭ | રહેણાંક |
| | | ૪૨ | ૪૮૮૭ | |
| | | ૧૧૪ | ૪૩૩૧ | |
| | | ૧૦૯ | ૫૨૨૪ | |
| | | ૬૯ | ૧૫૬૮ | |
| | | ૮૮ | ૧૯૫૨ | |
| | | ૩૪ | ૧૨૬૨ | |
| | | ૧૫૯ | ૨૯૭૬ | |
| | | ૧૪ | ૧૩૯ | |
| | | ૩૨ | ૧૫૯ | |
| | | ૧૭ | ૩૬૧ | |
| | | ૧૩૬ | ૩૬૮ | |
| | | ૧૫૪ | ૩૯૨ | |
| | | ૧૪૯ | ૫૭૭ | |
| | | | **૨૩૧૮૩** | |
| | | ૧૦૪ | ૩૧૨૩ | વાણીજય |
| | | ૧૬૨ | ૧૧૦૦ | |
| | | ૧૨૧ | ૧૩૨૮ | |
| | | ૧૦૦ | ૧૨૩૧ | |
| | | ૧૭૮ | ૨૪૭૦ | |
| | | | **૯૨૫૨** | |
| ૨. | બીલ નગર રચના યોજના નં ૧ | ૧૩ | ૭૮૬૫ | રહેણાંક |
| | | ૪૭ | ૫૫૨૯ | |
| | | ૬૩ | ૨૧૮૪ | |
| | | ૭૮ | ૩૫૭૮ | |
| | | ૯૯ | ૭૩૬૭ | |
| | | ૧૨૫ | ૪૫૭૬ | |
| | | | **૩૧૦૯૯** | |
| | | ૧૮ | ૫૪૧૫ | સ્થાનીક વાણીજય |
| | | ૨૦ | ૧૦૩૮ | |
| | | ૨૨ | ૭૨૩ | |
| | | ૫૦ | ૩૧૯૮ | |
| | | ૫૧ | ૩૩૧૭ | |
| | | ૫૯ | ૫૯૨૭ | |
| | | ૬૫ | ૨૬૭૬ | |
| | | ૭૬ | ૨૩૮૦ | |
| | | ૧૩૦ | ૧૯૫૩ | |
| | | | **૨૬૬૧૭** | |

ઉંપરોકત જમીનો નો નિકાલ કરવાનો થતો હોઇ તા.૨૦/૦૧/૨૦૧૨ ની પ્રાઇસ કમિટિ માં સદર જમીનો ની અપસેટ વેલ્યુ નકકી કરવા માટે માટે મુદદો રજુ કરવામાં આવતા સવાલ વાળી જમીનો ભાવ નીચે મુજબ અપસેટ વેલ્યુ નકકી કરવામાં આવેલ છે.

| નગર રચના યોજના | ફાયનલ પ્લોટ નં | ક્ષેત્રફળ ચો.મી | હેતુ | જંત્રી મુજબનો ભાવ પ્રતિ ચો.મી. | કમિટિ ધ્વારા અંતિમ થયેલ ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|---|
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૪૨ | ૧૮૮૭ | રહેણાંક | ૯૭૫૦/- | ૪૨૧૦૨/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૪ | ૧૩૯ | રહેણાંક | ૧૪૭૦૦/- | ૪૨૧૦૨/ |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૩૨ | ૧૫૯ | રહેણાંક | ૯૭૫૦/- | ૪૨૧૦૨/ |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૭ | ૩૬૧ | રહેણાંક | ૧૭૪૦૦/- | ૪૨૧૦૨/ |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૫૯ | ૨૯૭૬ | રહેણાંક | ૧૨૧૦૦/- | ૩૩૬૮૨/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૩૬ | ૩૬૮ | રહેણાંક | ૧૧૯૦૦/- | ૩૩૬૮૨/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૫૪ | ૩૯૨ | રહેણાંક | ૧૨૧૦૦/- | ૩૩૬૮૨/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૬૮ | ૧૯૮૭ | રહેણાંક | ૧૨૧૦૦/- | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૧૪ | ૪૩૩૧ | રહેણાંક | ૧૧૯૦૦/- | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૦૯ | ૫૨૨૪ | રહેણાંક | ૧૧૯૦૦/ | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૬૯ | ૧૫૬૮ | રહેણાંક | ૧૧૯૦૦/ | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૮૮ | ૧૯૫૨ | રહેણાંક | ૯૭૫૦/- | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૩૪ | ૧૨૬૨ | રહેણાંક | ૯૭૫૦/- | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૪૯ | ૫૭૭ | રહેણાંક | ૧૨૧૦૦/- | ૩૫૬૨૫/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૦૪ | ૩૧૨૭ | વાણિજય | ૧૧૯૦૦/- | ૩૯૧૮૮/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૬૨ | ૧૧૦૦ | વાણિજય | ૧૨૧૦૦/- | ૩૯૧૮૮/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૨૧ | ૧૩૨૮ | વાણિજય | ૧૧૯૦૦/- | ૩૯૧૮૮/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૦૦ | ૧૨૩૧ | વાણિજય | ૧૨૧૦૦/- | ૩૯૧૮૮/- |
| વેમાલી નગર રચના યોજના નં ૧ | ૧૭૮ | ૨૪૭૦ | વાણિજય | ૧૧૯૦૦/- | ૩૯૧૮૮/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૧૩ | ૭૮૬૫ | રહેણાંક | ૫૨૦૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૪૭ | ૫૫૨૯ | રહેણાંક | ૪૮૫૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૬૩ | ૨૧૮૪ | રહેણાંક | ૫૦૦૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૭૮ | ૩૫૭૮ | રહેણાંક | ૪૮૫૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૯૯ | ૭૩૬૭ | રહેણાંક | ૪૯૦૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૧૨૫ | ૪૫૭૬ | રહેણાંક | ૪૯૦૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૧૮ | ૫૪૧૫ | વાણિજય | ૫૨૦૦/- | ૨૨૯૪૦/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૨૦ | ૧૦૩૮ | વાણિજય | ૫૨૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૨૨ | ૭૨૩ | વાણિજય | ૫૨૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૫૦ | ૩૧૯૮ | વાણિજય | ૫૨૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૫૧ | ૩૩૧૭ | વાણિજય | ૫૨૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૫૯ | ૫૯૨૭ | વાણિજય | ૫૦૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૬૫ | ૨૬૭૬ | વાણિજય | ૫૦૦૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૭૬ | ૨૩૮૦ | વાણિજય | ૪૮૫૦/- | ૨૫૨૩૪/- |
| બીલ નગર રચના યોજના નં ૧ | ૧૩૦ | ૧૯૫૩ | વાણિજય | ૪૯૦૦/- | ૨૯૮૨૧/- |

લેન્ડ પ્રાઇસ કમિટિ ધ્વારા નકકી કરેલ ઉપરોકત વિગતના ભાવ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવતા તે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૭):** સત્તામંડળ ની વેમાલી નગર રચના યોજના નં ૧ તથા બીલ નગર રચના યોજના નં ૧ માં આવેલ રહેણાંક તથા વાણિજય વેચાણ ની જમીનોના લેન્ડ પ્રાઇસ કમિટિ ધ્વારા ઉપરોકત વિગતે નકકી કરેલ અપસેટ પ્રાઇસ મુજબ જાહેર હરાજી થી નિકાલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ આ અંગે ની આગળ ની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી

**મુધ્દા નંબર (૮) : વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વિકાસના કામો જેમાં મુખ્યત્વે રોડના કામો કરાવવામાં આવે છે. હાલમાં વુડા ધ્વારા મંજુર થયેલ / ડ્રાફટ લેવલે હોઈ, તેવી તમામ નગર રચના યોજનાઓનું અમલીકરણ કરી તેના તમામ રસ્તાઓ કાર્પેટના કરવાની કામગીરી તબકકાવાર હાથ ધરવાનું શરૂ કરેલ છે. વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર તમામ કામો માટે તાંત્રીક મંજુરી મેળવવાની થાય છે. જેમાં વુડા બોર્ડ બેઠક ક્રમાક : ૧૮૭, તા.૨૫/૨/૨૦૦૫ ના ઠરાવ ક્રમાક :૧૭૫૭ માં નકકી થયા મુજબ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને રૂ.૧.૫૦ લાખના કામોના અંદાજોને કાર્યપાલક ઈજનેરશ્રીને રૂ.૧૨.૦ લાખ સુધીના કામોના અંદાજોને તાંત્રીક મંજુરી આપવાની સત્તા આપવામાં આવેલ છે. તથા આથી વધુ રકમના કામોના અંદાજોની તાંત્રિક મંજુરી અર્થે સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન તથા અધિક્ષક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ (વર્તુળ) વડોદરાની કમીટી બનાવી તેઓ પાસેથી તાંત્રિક મંજુરી મેળવવાનું નકકી થયેલ હતુ. આ મુજબ રૂા.૧૨.૦ લાખ સુધીના કામોમાં તાંત્રિક મંજુરી કાર્યપાલક ઈજનેરશ્રી, વુડાના લેવલે આપવામાં આવતી હતી. પરંતુ તેથી વધુની રકમના કામોની તાંત્રિક મંજુરી મેળવવા માટે બનાવાયેલ કમીટીના સભ્યો પૈકી અધિક્ષક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ (વર્તુળ) વડોદરા ધ્વારા સદર કામગીરી માટે સરકારશ્રી ધ્વારા હુકમો થાય તો જ આ પ્રકારની મીટીગોમાં હાજર રહી શકાય તેમ જણાવેલ હતું.

ઉપરોકત હકીકતો વુડા બોર્ડ બેઠક ક્રમાક : ૨૦૨, તા.૩૦/૧૨/૨૦૦૮ માં રજુ કરાતાં, તેના ઠરાવ ક્રમાંક : ૧૯૩૭ મુજબ અધિકક્ષક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ (વર્તુળ) વડોદરા ઉપસ્થીત રહે તે બાબત પરીપત્રીત સુચનાઓ સરકારશ્રીમાંથી મેળવવાની દરખાસ્ત કરવી અને તેના આવે ત્યાંસુધી રૂા.૧૨/- લાખથી વધુ રકમના કામોના અંદાજોને સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા પાસેથી તાંત્રીક મંજુરી મેળવવી તેમ નકકી થયેલ હતુ.

માર્ગ અને મકાન વિભાગ ધ્વારા સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પી.ડીડબ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧)સ, તા.૧૨/૭/૨૦૧૧ મુજબ તાંત્રિક મંજુરી આપવા માટે અગાઉ સોપવામાં આવેલ સત્તાઓમાં ફેરફાર કરી નાયબ કાર્યપાલક ઈજનેર(સીવીલ) કે જેઓને અગાઉ રૂા.૧.૫૦ લાખ સુધીના કામોને તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ) કે જેઓને અગાઉ રૂા.૧૨.૦૦ લાખ સુધીના કામોને તાંત્રિક મંજુરી આપવાની સત્તાઆપેલ તેમાં રીવીઝન કરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી(સીવીલ)ને રૂા.૬.૦૦ લાખ તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ)ને રૂા.૫૦.૦ લાખ સુધીના કામોને તાંત્રિક મંજુરી આપવાની સત્તા સુપ્રત કરવામાં આવે છે. આજ પ્રમાણે વુડા માં કરવાના થતા કામો અંગે તાંત્રિક મંજુરી મેળવવા સોપવામાં આવેલ સત્તામાં રીવીઝન કરવાનું થાય છે.

વુડા ધ્વારા હાલમાં ટી.પી.સ્કીમોના અમલીકરણની કામગીરી ચાલતી હોવાથી કાર્પેટ રોડના મોટા પ્રોજેકટો હાથ ધરવામાં આવેલ છે. ઔડા તથા સુડામાં આ પ્રકારના મોટા કામો કરાવવા માટે તેઓના ડીપાર્ટમેન્ટમાં પણ કાર્યપાલક ઈજનેરશ્રી લેવલ સુધીના જ અધિકારીઓ હોવાના કારણે રૂા.૫૦ લાખથી વધુ રકમના કામોના અંદાજોને તાંત્રિક મંજુરી આપવા અંગેની સત્તા ઓથોરીટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોપવામાં આવેલ છે. જેમાં ટેકનિકલ સ્ટાફ ધ્વારા ભલામણ સહ રજુ કરેલ કામો માટે તાંત્રિક મંજુરી મુખ્ય કારોબારી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવે છે. આ સંજોગોમાં ઔડા તથા સુડામાં તાંત્રિક મંજુરી માટે ઓથોરીટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવામાં આવેલ સત્તા મુજબ જ વુડામાં તાંત્રિક મંજુરી માટે સત્તામાં આપવામાં આવે તો કામગીરી ખુબજ ઝડપથી થઈ શકે તેમ છે.

આમ, ઉપરોકત વિગતો જોતા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીને અનુક્રમે રૂા.૬.૦૦ લાખ અને રૂા.૫૦.૦૦ લાખના કામોને તાંત્રિક મંજુર આપવાની સત્તા સોપવા તથા રૂા.૫૦.૦૦ લાખથી ઉપરના કામો માટે ટેકનિકલ સ્ટાફ ધ્વારા ભલામણ સહ રજુકરેલ કામો માટે તાંત્રિક મંજુર આપવાની

સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડા ને સુપ્રત કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૮):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો જેવા કે રોડ તથા અન્ય કામો માટે આપવામાં આવતી તાંત્રિક મંજુરી અંગેની સત્તા, માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાક : પી.ડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧)સ, તા.૧૨/૪/૨૦૧૧ મુજબ રીવાઈઝડ કરી નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી (સીવીલ) ને રૂા.૬.૦૦ લાખ તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ)ને રૂા.૫૦.૦ લાખ સુધીના કામોને તાંત્રિક મંજુરી આપવા માટેની સત્તા સર્વાનુમતે સોપવામાં આવી.

વુડા કચેરીમાં હાલ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીની જ પોસ્ટ હોવાથી રૂા.૫૦.૦૦ લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવા માટે હાલની પધ્ધતિમાં ફેરફાર કરી રૂા.૫૦.૦૦ લાખથી ઉપરની તમામ રકમોના અંદાજોને તાંત્રિક મંજુરી આપવા નીચે મુજબની કમિટીની રચના કરવામાં આવી.

| | | | |
|---|---|---|---|
| (૧) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષ |
| (૨) | સીટી ઈજનેરશ્રી / એડીશનલ સીટી ઈજનેરશ્રી<br>અથવા તેમના પ્રતિનિધી ( પ્રોજેકટસને સંલગ્ન<br>કામોનો હવાલો સંભાળતાં સંબંધિત અધિકારી)<br>વડોદરા મહાનગર સેવાસદન. | : | સભ્યશ્રી |
| (૩) | સીનીયર ટાઉનપ્લાનરશ્રી / તેમના પ્રતિનિધી<br>( જે નગર નિયોજકશ્રીની કક્ષા નીચેના ન હોય તેવા )<br>આયોજન અને મુલ્યાંકન શાખા,વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | ટાઉન પ્લાનરશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | સભ્યશ્રી |
| (૫) | કાર્યપાલક ઈજનેરશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | સભ્ય સચિવશ્રી |

ઉપરોકત વિગતો મુજબ વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર ડેવલોપમેન્ટના સઘળા કામો/પ્રોજેકટો માટે તાંત્રિક મંજુરી આપવા અંગેની સત્તાઓ સોપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આગળની સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૯) : ભાયલી ખાતે નગર રચના યોજના-૪ ના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૧૧ કી.મી. દુર, વડોદરા મહાનગર સેવાસદનની સૈયદ વાસણા હદને અડીને ભાયલી ગામ આવેલ છે. જેમાં ભાયલી ગામ તથા તેની આજુ-બાજુ ખુબજ ડેવલોપ થઈ રહયુ છે. વુડા ધ્વારા ગામતળથી ઉત્તર-પૂર્વ તરફ આવેલ વિસ્તારોમાં કુલ-૪ નગર રચના યોજના**ઓ**બનાવેલ છે. જે પૈકી નગર રચના યોજના ભાયલી નં.૪ ગામતળથી પૂર્વ તરફ નગર રચના યોજના ભાયલી-૩ ને અડીને બનાવવામાં આવેલ છે. જેને સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. સદર નગરરચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવતા આ વિસ્તારના સઘળા જમીન માલીકોની એક મીટીંગનુ આયોજન વુડા ખાતે કરવામાં આવેલ હતુ. જેમાં હાજર સર્વ જમીન માલીકોએ અમલીકરણ માટે રસ ધરાવતા આ નગર રચના યોજનાનુ અમલીકરણ ચાલુ કરવામાં આવેલ છે અને સ્થળે માપણી કરી અંતીમ ખંડોના લેવડ દેવડની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં વુડાને મળવાપાત્ર અંતિમખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. સદર નગર રચના યોજનાના તમામ રસ્તાઓ કાર્પેટ રોડના પાકકા બનાવવાનું નકકી કરવામાં આવ્યુ છે. જે અંગે ગેરી ડીપાર્ટમેન્ટ પાસે માટીના સેમ્પલો લેવડાવી તેઓ પાસે રોડની ડીઝાઈન પણ કરાવવામાં આવેલ છે. નગર રચના યોજના ભાયલી-૧ માં હાલમાં કાર્પેટ રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તે જ બેઝપર ૧૮ મી. સુધીના રસ્તા સીગલ ટ્રેક જયારે ૧૮.૦ મી. કે તેથી ઉપરના રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ, ભાયલી ખાતે નગર રચના યોજના-૪ માં હાલના તબકકે કરવાની થતી કામગીરી મુજબ કુલ ૮૯૧૫ મી. ની લંબાઈ માટે માર્ગ અને મકાન વિભાગના નવા એસ.ઓ.આર ભાવ મુજબ અંદાજે રૂા. ૧૧.૨૯ કરોડના ખર્ચ થાય તેમ છે.

નગર રચના યોજના ભાયલી નં.૪ માં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણિજયના પ્લોટના વેચાણથી અંદાજે ૪૦/- કરોડ મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી.સ્કીમમાં થનાર ખર્ચ ૭૫ % રકમ ગ્રાન્ડ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે આ સંજોગોમાં ટી.પી.સ્કીમના રોડનું સુંદર આયોજન કરી વધુ ઉપયોગી થાય તે મુજબ બનાવવાનું નકકી કરેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતા ભાયલી ખાતે મંજુર થયેલ નગર રચના યોજના-૪ ના અમલી કરણની કામગીરી કરવા તથા તે અંતર્ગત કાર્પેટ રોડ બનાવવાની કામગીરી કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૧.૨૯ કરોડને મંજુરી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૬૯) :** મોજે ભાયલી ખાતે નગર રચના યોજના નં.૪ નું અમલીકરણ કરવાનું તથા તેના ભાગરૂપે હાલમાં તમામ રોડોને કાર્પેટના કરવાનું નકકી કરવામાં આવ્યુ અને તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૧.૨૯ કરોડ ને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. ઉપરોકત તમામ રોડમાં ભવિષ્યમાં આવનાર ડ્રેનેજ તથા પાણીની લાઈનો માટે ક્રોસીંગોમાં યોગ્ય ડાયામીટરની પાઈપોનું પ્રોવિઝન કરવું તેમ પણ નકકી થયું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૦) : ભાયલી ખાતે નગર રચના યોજના-૩ ના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૧૧ કી.મી. દુર, વડોદરા મહાનગર સેવાસદનની સૈયદ વાસણા હદને અડીને ભાયલી ગામ આવેલ છે. જેમાં ભાયલી ગામ તથા તેની આજુ-બાજુ નો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. વુડા દ્વારા ગામતળથી ઉત્તર-પૂર્વ તરફ આવેલ વિસ્તારોમાં કુલ-૪ નગર રચના યોજના**ઓ**બનાવેલ છે. જે પૈકી નગર રચના યોજના ભાયલી નં.૩ ગામતળથી ઉત્તર-પૂર્વ તરફ વાસણા-ભાયલી મુખ્ય રસ્તાને અડીને કેનાલની દક્ષિણ તરફ બનાવવામાં આવેલ છે. જેને આખરી મંજુરી માટે સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. સદર નગરરચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવતા આ વિસ્તારના સઘળા જમીન માલીકોની એક મીટીંગનુ આયોજન વુડા ખાતે કરવામાં આવેલ હતુ. જેમાં હાજર સર્વ જમીન માલીકોએ અમલીકરણ માટે રસ ધરાવતા આ નગર રચના યોજનાનુ અમલીકરણ ચાલુ કરવામાં આવેલ છે અને સ્થળે માપણી કરી અંતીમ ખંડોના લેવડ દેવડની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં વુડાને મળવાપાત્ર અંતિમખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. સદર નગર રચના યોજનાના તમામ રસ્તાઓ કાર્પેટ રોડના પાકા બનાવવાનું નકકી કરવામાં આવ્યુ છે. જે અંગે ગેરી ડીપાર્ટમેન્ટ પાસે માટીના સેમ્પલો લેવડાવી તેઓ પાસે રોડની ડીઝાઈન પણ કરાવવામાં આવેલ છે. નગર રચના યોજના ભાયલી-૧ માં હાલમાં કાર્પેટ રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તે જ પ્રમાણે ૧૮.૦ મી. સુધીના રસ્તા સીગલ ટ્રેક જયારે ૧૮.૦ મી. કે તેથી ઉપરના રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ, ભાયલી ખાતે નગર રચના યોજના-૩ માં હાલના તબકકે કરવાની થતી કામગીરી મુજબ કુલ ૭૪૩૫ મી. ની લંબાઈ માટે માર્ગ અને મકાન વિભાગના નવા એસ.ઓ.આર ભાવ મુજબ અંદાજે રૂા.૯.૮૦ કરોડ નો ખર્ચ થાય તેમ છે.

નગર રચના યોજના ભાયલી નં.૩ માં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણિજયના પ્લોટના વેચાણથી અંદાજે ૩૦ થી ૩૫ કરોડ મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી.સ્કીમમાં થનાર ખર્ચ ૭૫ % રકમ ગ્રાન્ડ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે આ સંજોગોમાં ટી.પી.સ્કીમના રોડનું સુંદર આયોજન કરી વધુ ઉપયોગી થાય તે મુજબ બનાવવાનું નકકી કરેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતા ભાયલી ખાતે મંજુર થયેલ નગર રચના યોજના-૩ ના અમલી કરણની કામગીરી કરવા તથા તે અંતર્ગત કાર્પેટ રોડ બનાવવાની કામગીરી કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા. ૯.૮૦ કરોડને મંજુરી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૭૦) :** મોજે ભાયલી ખાતે નગર રચના યોજના નં.૩ નું અમલીકરણ કરવાનું તથા તેના ભાગરૂપે હાલમાં તમામ રોડોને કાર્પેટના કરવાનું નકકી કરવામાં આવ્યુ અને તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૯.૮૦ કરોડ ને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. ઉપરોકત તમામ રોડમાં ભવિષ્યમાં આવનાર ડ્રેનેજ તથા પાણીની લાઈનો માટે ક્રોસીંગોમાં યોગ્ય ડાયામીટરની પાઈપોનું પ્રોવિઝન કરવું તેમ પણ નકકી થયું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૧ ) : ભાયલી ખાતે મુસધ્દારૂપ નગર રચના યોજના-૨ ના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૧૧ કી.મી. દુર, વડોદરા મહાનગર સેવાસદનની સૈયદ વાસણા હદને અડીને ભાયલી ગામ આવેલ છે. જેમાં ભાયલી ગામ તથા તેની આજુ-બાજુ નો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. વુડા દ્વારા ગામતળથી ઉત્તર-પૂર્વ તરફ આવેલ વિસ્તારોમાં કુલ-૪ નગર રચના યોજના**ઓ**બનાવેલ છે. જે પૈકી મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૨ ગામતળથી ઉત્તર તરફ વાસણા-ભાયલી મુખ્ય રસ્તાને અડીને કેનાલની દક્ષિણ તરફ બનાવવામાં આવેલ છે. જે હાલ ડ્રાફ્ટ સ્ટેજે છે. જેને ફાઈનલ કરવાની કાર્યવાહી નગર રચના અધિકારીશ્રી દ્વારા પ્રગતિમાં છે. સદર નગર રચના યોજનામાં હાલમાં ખુબજ ડેવલોપમેન્ટ થઈ ગયેલ છે. ઘણી બધી સોસાયટીઓ પૂર્ણ થઈ ગયેલ છે અને ઘણા બધા રહેવા પણ આવી ગયેલ છે. આ સંજોગોમાં સદર નગર રચના યોજનામાં રસ્તાઓના પજેશનો મેળવી તમામ રસ્તાઓ કાર્પેટ રોડના બનાવવાનું નકકી કરવામાં આવેલ છે.આ અંગે વિસ્તારના સઘળા જમીન માલીકોની એક મીટીંગનુ આયોજન વુડા ખાતે કરવામાં આવેલ હતુ. જેમાં હાજર સર્વ જમીન માલીકોએ ટી.પી.સ્કીમના રોડ બનાવવા માટે રસ ધરાવતા આ નગર રચના યોજનાના રોડના પજેશનો મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જેમાં વુડાને મળવાપાત્ર અંતિમખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. સદર નગર રચના યોજનાના તમામ રસ્તાઓ કાર્પેટ રોડના પાકકા બનાવવાનું નકકી કરવામાં આવ્યુ છે. જે અંગે ગેરી ડીપાર્ટમેન્ટ પાસે માટીના સેમ્પલો લેવડાવી તેઓ પાસે રોડની ડીઝાઈન પણ કરાવવામાં આવેલ છે. મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી-૧ માં હાલમાં કાર્પેટ રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તે જ પ્રમાણે ૧૮.૦ મી. સુધીના રસ્તા સીગલ ટ્રેક જયારે ૧૮.૦ મી. કે તેથી ઉપરના રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર નગર રચના યોજનામાં દક્ષિણ બાજુએ ૧૮ મી.ના રોડ પર મોટો વરસાદી કાસ પસાર થાય છે. જેમાં વરસાદી કાંસમાં બંને સાઈડે ચણતરની દિવાલો બનાવી પાણીના નિકાલ અંગેની કામગીરી નુર્મ યોજના હેઠળ વડોદરા મહાનગર સેવાસદન દ્વારા હાથ ધરવામાં અવેલ છે.જે કામ પ્રગતિમાં છે.પરંતુ તેઓ દ્વારા ઉપર આર.સી.સી.નો સ્લેપ કરવાનો ન હોવાના(ખુલ્લો કાંસ) કારણે તેને અડીને આવેલ અંદાજે ૧૦ ફાઈનલ પ્લોટોને આર.સી.સી.નું સ્ટ્રકચર બનાવી એપ્રોચ આપવો પડે તેમ છે. આમ, ભાયલી ખાતે મુસધ્દારૂપ નગર રચના યોજના-૨ માં હાલના તબકકે કરવાની થતી કામગીરી મુજબ કુલ ૭૧૨૦ મીટરની લંબાઈ માટે માર્ગ અને મકાન વિભાગના નવા એસ.ઓ.આર ભાવ મુજબ કાર્પેટ રોડના કામ માટે અંદાજે રૂા.૧૦.૩૦ કરોડ તથા અંદાજે ૧૦ ફાયનલ પ્લોટને કાંસ ઉપરથી એપ્રોચ આપવા માટે અંદાજે રૂા.૧.૦૦ કરોડ મળી કુલ રૂા.૧૧.૩૦ કરોડનો ખર્ચ થાય તેમ છે.

મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૨ માં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણિજયના પ્લોટના વેચાણથી અંદાજે ૪૦ થી ૪૫ કરોડ મળે તેમ છે.આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી.સ્કીમમાં થનાર ખર્ચ ૭૫ % રકમ ગ્રાન્ડ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે આ સંજોગોમાં ટી.પી.સ્કીમના રોડનું સુંદર આયોજન કરી વધુ ઉપયોગી થાય તે મુજબ બનાવવાનું નકકી કરેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતા ભાયલી ખાતે મંજુર થયેલ મુસધ્દારૂપ નગર રચના યોજના-૨ ના અમલી કરણની કામગીરી કરવા તથા તે અંતર્ગત કાર્પેટ રોડ બનાવવાની કામગીરી કરવા તથા તે અંગે થનાર અંદાજીત

ખર્ચ રૂા.૧૧.૩૦ કરોડને મંજુરી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૭૧) :** મોજે ભાયલી ખાતે નગર રચના યોજના નં.૨ માં આવેલ રસ્તાઓનું અમલીકરણ કરવાનું તથા તેના ભાગરૂપે હાલમાં તમામ રોડોને કાર્પેટના કરવાનું નકકી કરવામાં આવ્યુ અને તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૧.૩૦ કરોડ ને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. ઉપરોકત તમામ રોડમાં ભવિષ્યમાં આવનાર ડ્રેનેજ તથા પાણીની લાઈનો માટે ક્રોસીગોમાં યોગ્ય ડાયામીટરની પાઈપોનું પ્રોવિઝન કરવું તેમ પણ નકકી થયું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

.

**મુધ્દા નંબર (૧૨ ) : મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૧ માં ડ્રાફ્ટ સ્ટેજે દર્શાવેલ કામોના ખર્ચમાં વધારો થવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા હાથ ધરાવનાર આયોજન પ્રવૃતિઓ પૈકી વડોદરા મહાનગર સેવાસદનની હદ બહાર મંજુર થયેલ વિકાસ યોજનાના રહેણાંક વિસ્તારમાં પધ્ધતિસર વડોદરા મહાનગર સેવાસદનની હદના વિકાસને સુસંગત થાય તે હેતુથી મોજે ભાયલી ખાતે આશરે ૮૫ હેકટર ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારમાં મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૧ માં બનાવવામાં આવેલ જેને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૯/૦૭/૧૯૯૭ ના જાહેરનામા ક્રમાક : જીએચ/વી/૯૫/ઓફ ૧૯૯૭/ટીપીએસ/૧૨૯૬/૪૭૪/ એલ થી મંજુર કરવામાં આવેલ છે. જેમાં કામોનો કુલ ખર્ચ રૂા.૧,૩૦,૦૩,૧૨૬/-નો દર્શાવવામાં આવેલ હતો. પરંતુ વુડાની પુનરાવર્તિત વિકાસ યોજનામાં સુચિત ૩૦.૦ મીટર પહોળાઈનો રસ્તો જે મોજે ગોત્રી સીમ માંથી પસાર થતો હતો તેમા સરકારશ્રી દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ સદર ૩૦.૦ મી.પહોળાઈના સુચિત રસ્તાની પથરેખામાં ફેરફાર કરી મોજે ગોત્રી તથા ભાયલીના સીમાડા ઉપર પથરેખા દર્શાવી મંજુર કરવા આવેલ છે.જેનાથી મંજુર થયેલ મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૧ ની ઉત્તર હદે પથરેખાનો સમાવેશ સદરહું નગર રચના યોજનામાં થતો હોઈ જેથી યોજના વિસ્તારમાં રસ્તાની લંબાઈમાં વધારો થતા તથા તેને આનુસાંગિક સ્ટ્રટ લાઈટના ખર્ચમાં વધારો થાય છે. જે વધારો રૂા.૨૫,૪૭,૮૭૪/-નો થાય છે. આમ, સદર નગર રચના યોજનાના ડ્રાફ્ટ સ્ટેજે દર્શાવેલ કુલ ખર્ચ રૂા.૧,૩૦,૦૩,૧૨૬/- માં રૂા.૨૫,૪૭,૮૭૪/- નો વધારો થતા સદર નગર રચના યોજનમાં કામોનો કુલ ખર્ચ રૂા.૧,૫૫,૫૧,૦૦૦/- (એકે રૂપિયા એક કરોડ પંચાવન લાખ એકાવન હજાર પુરા) થાય તેમ છે. નગર રચના અધિકારીશ્રી દ્વારા સદર નગર રચના ફાઈનલ કરી સરકારશ્રીમાં સાદર કરવાની હોઈ, આ અંગેનો પરામર્શ અત્રેની કચેરી દ્વારા વુડા બોર્ડની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ હતો.આમ,સદર નગર રચના યોજનામાં દર્શાવવામાં આવેલ વધારાના ખર્ચ રૂા.૨૫,૪૭,૮૭૪/- ને મંજુરી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૭૨) :** મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૧ ને ફાઈનલ કરવાના સમયે યોજના વિસ્તારમાં રસ્તાની લંબાઈમાં વધારો થવાના કારણે નગર રચના યોજના અધિકારીશ્રી ધ્વારા સદર યોજના ફાઈનલ કરતી વખતે તેમાં દર્શાવવાના થતા વધારાના ખર્ચ રૂા.૨૫,૪૭,૮૭૪/- ને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૧૩) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિકસીત વિસ્તારોના ડ્રનેજ વોટર સપ્લાય સ્ટ્રીમ વોટર તથા અન્ય સુવિધાઓ આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખુબ જ ઝડપથી ચારેય બાજુ વિકાસ થઈ રહેલ છે.ખાસ કરીને ભાયલી, બીલ, સેવાસી, વેમાલી તથા તેના આસપાસના સમગ્ર વિસ્તારોમાં ટેનામેન્ટ લોરાઈઝ તથા હાઈરાઈઝ બિલ્ડીગોના મોટા-મોટા પ્રોજેકટો હાલમાં ચાલી રહયા છે.વુડા દ્વારા બનાવવામાં આવેલ નવા ડેવલોપમેન્ટ પ્લાનમાં પણ રહેણાંક માટેનો ખુબ જ મોટો વિસ્તાર વધારવામાં આવેલ છે.આ કારણોસર વુડા વિસ્તારમાં વિકાસની ઝડપ હજુ વધી શકે તેમ છે. આ બાબતોને ઘ્યાને લઈ વુડા દ્વારા હાલમાં મંજુર થયેલ/ડ્રાફટ સ્ટેજે હોઈ, તેવી તમામ નગર રચના યોજનાઓનું અમલીકરણ તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે તથા નવી નગર રચના યોજનાઓ બનાવવાનું આયોજન કરેલ છે. નગર રચના યોજનાઓના અમલીકરણના ભાગરૂપે વુડા દ્વારા ગેરીમાં રોડની ડીઝાઈનો બનાવડાવી પુરતી પહોળાઈના રોડ બનાવવાની કામગીરી તબકકાવાર શરૂ કરેલ છે.ભાયલી, બીલ, સેવાસી, વેમાલી જેવા વિસ્તારોમાં જે રીતે હાઈરાઈઝ મકાનો બની રહેલ છે તથા ખુબ જ સુંદર રીતે ડેવલોપમેન્ટ થઈ રહેલ છે, તે તમામ વિસ્તારોમાં ડ્રેનેજની સુવિધા માટે ખાડકુવા તથા પાણી માટે બોરવેલ બનાવી પાણી મેળવવામાં આવે છે. આ પરિસ્થિતિમાં આ વિસ્તારોમાં જો ઝડપથી ડ્રેનેજ સુવિધાઓ, પાણીની સુવિધાઓ, સ્ટ્રોમ વોટર તથા અન્ય સુવિધાઓ નહી આવે તો, આગામી બે-ત્રણ વર્ષમાં ખાડકુવા ભરાઈ જવાના કારણે ગટરના પાણી ઉભરાવવાના તથા પીવાના પાણી દુષીત થવાની પુરેપુરી શકયતા છે. આ પરિસ્થિતિમાં આ વિસ્તારોને આ પ્રકારની સુવિધાઓ આપવા માટે વુડા દ્વારા જહેમત હાથ ધરેલ, જે અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વ.મ.સે.સદન તથા તેઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે વુડા કચેરીમાં બેઠક પણ યોજવામાં આવેલ હતી.

વડોદરા મહાનગર સેવાસદન દ્વારા આ બાબતે સકારાત્મક વલણ દાખવી આ વિસ્તારના સર્વેની કામગીરી કરાવવાનું આયોજન કરેલ છે.પરંતુ આ બધી પ્રક્રિયાઓ બાદ ખરેખર કામગીરી કરવામાં ખુબ જ લાંબો સમય નિકળે તેમ છે. આ ઉપરાંત હાલમાં વુડા દ્વારા ટી.પી.સ્કીમોમાં રોડની કામગીરી હાથ ધરેલ છે તેની સાથે જ આ પ્રકારની કામગીરી થાય તો થયેલ રોડ કામને નુકશાન ન થાય.આ બાબતે હવે બે જ વિકલ્પ રહે છે.જેમાં વુડા પોતે સદર વિસ્તારોમાં સ્વખર્ચે આ લાઈનો નાંખી તેની સોપણી કોર્પોરેશનને કરે અથવા તો આ વિસ્તારોમાં પી.પી.પી. ધોરણે પ્રાઈવેટ કંપની પાસે આ પ્રકારની સુવિધાઓ ઉભી કરાવી તેનું મેન્ટેનન્સ કામ કરાવીએ અને તેના લાભાર્થીઓ પાસેથી યુઝર્સ ચાર્જ જે તે કંપની દ્વારા ઉઘરાવે.આ બાબતે બીલ ગામ નજીક આવેલ યુ.પી.એલ.કંપની કે જે એન્વાર્યમેન્ટ અંગેના આ પ્રકારના કામો કરતી ઈન્ટરનેશનલ કંપની છે.જેઓને આ પ્રકારની કામગીરી મુંબઈ, બેગ્લોર તથા અન્ય ઘણા સ્થળોએ કરી રહેલ છે.તેઓ દ્વારા વુડાના આ વિસ્તારોમાં પી.પી.પી.ધોરણે પોતાના ખર્ચે નાના ટી.પી.સ્કીમો જેટલા પોકેટો બનાવી, આધુનિક ઢબે નાના એસ.ટી.પી. સાથે ગટરના પાણીને ટ્રીટમેન્ટ કરી તેનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થા કરવી, પીવાના પાણીની યોગ્ય વિતરણ વ્યવસ્થા કરવી, સ્ટ્રોમ વોટર તથા ગાર્બેજના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવી આમ, તમામ પ્રકારની કામગીરી પોતાના ખર્ચે ઉભી કરી આ વિસ્તારમાં સુવિધાઓ આપવી અને તેનું મેન્ટેનન્સ કામ પણ કરવું જેની સામે આ કંપની દ્વારા કોર્પોરેશન જે રીતે સી.ટી.વિસ્તારમાં યુઝર્સચાર્જ ઉઘરાવે છે.તે મુજબ જે તે લાભાર્થી પાસેથી યુઝર્સ ચાર્જ ઉઘરાવે. વુડાના આ વિકસીત વિસ્તારોનો ભવિષ્યમાં કોર્પોરેશન વિસ્તારોમાં સમાવેશ થાય તેમ હોઈ, કોર્પોરેશન દ્વારા પણ આ પ્રકારની સંમતી આપે અને થર્ડ પાર્ટી એગ્રીમેન્ટ કરે તો જ આ પ્રકારનો પ્રોજેકટ અમલ કરી શકાય તેમ છે.

યુ.પી.એલ કંપની આ વિસ્તારોમાં પોતાના ખર્ચે સર્વે કરાવી, પ્રોજેકટ બનાવી તેનો અમલ કરવાની તૈયારી દર્શાવેલ છે.આના કારણે આ વિસ્તારોમાં હાલમાં વુડાને તથા ભવિષ્યમાં કોર્પોરેશનને કોઈ પણ જાતનો ખર્ચ કર્યા વગર તૈયાર માળખુ મળી શકે તેમ છે.આ સંજોગોમાં વુડા વિસ્તારમાં ડ્રેનેજ, પાણી, સ્ટ્રોમ વોટર

વિગેરેની સુવિધાઓ ઉભી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા-વિચારણા કરવામાં આવી.

**ચર્ચા-વિચારણા** : વુડા વિસ્તારમાં થઈ રહેલ વિકાસને ધ્યાને લેતાં આ વિસ્તારોમાં પણ ઝડપથી ડ્રેનેજ, પાણી તથા સ્ટ્રોમ વોટર જેવી સુવિધાઓ ઉભી કરવી પડે તેમ છે તે મુજબનું સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. જેમાં કોર્પોરેશન ધ્વારા આ કામો અંગે પોતાના તથા વુડા વિસ્તારમાં સહીયારો સર્વેની કામગીરી કરાવવાનું નકકી કરેલ છે. કોર્પોરેશનના પ્રતિનિધીઓ ધ્વારા વુડાના વિકસીત વિસ્તારોમાં કોર્પોરેશનના વિસ્તારોમાંથી પાણીના જોડાણ આપવા તથા ડ્રેનેજ લાઈનની કનેકટીવીટી આપવા માટે પોઝીટીવ અભિગમ દાખવી, આ પ્રકારની સુવિધાઓ યુઝર્સ ચાર્જ ઉઘરાવી આપવામાં આવે તે અંગે ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપેલ હતી. આ પ્રકારની સુવિધાઓ વુડાના ચોકકસ વિસ્તારો પુરતી મર્યાદીત ન રાખતા દરેક વિસ્તારમાં આ પ્રકારની સુવિધાઓ ઉભી કરવાનું પણ સુચન થયેલ હતું.ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૭૩):** : વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા કોર્પોરેશન તથા વુડા વિસ્તારોમાં ડ્રનેજ, વોટર સપ્લાય તથા અન્ય સુવિધાઓ માટે કરવામાં આવનાર સર્વે કામનાં ખર્ચમાં વુડાને ભાગે પડતો હીસ્સો આપવો તથા વુડામાં ડેવલોપ થઈ રહેલ વિસ્તારોમાં કોર્પોરેશન ધ્વારા ડ્રેનેજ તથા પાણીની લાઈનો નાખી જોડાણો આપે અને તેનો ખર્ચ વુડા કોર્પોરેશનને આપે અથવા તો કોર્પોરેશનની ડીઝાઈન મુજબ વુડા ધ્વારા આ સુવિધાઓ માટેની કામગીરી સ્વ.ખર્ચે કરાવી તેની સોપાણી કોર્પોરેશનને કરે તે મુજબ ઠરાવવામાં આવ્યુ. આ બંને કિસ્સામાં જે તે લાભાર્થીઓ પાસેથી યુઝર્સ ચાર્જ ઉઘરાવી મેન્ટેનન્શની કામગીરી પણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે તે મુજબની દરખાસ્ત મોકલવાનો સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સેવાસી, ભાયલી, અંકોડીયા, ખાનપુર, વેમાલી, વિગેરે વિસ્તારોમાં થઈ રહેલ વિકાસ ઉપરાંત વુડાનો દ્વિતિય પુનરાવર્તિત વિકાસ નકશો મંજુર થવાથી વુડાના પુર્વ વિસ્તારમાં સયાજીપુરા, બાપોદ, દેણા, ખંટબા, કેલનપુર વિગેરે વિસ્તારોમાં રહેણાંક ઝોન થવાથી મોટી ટાઉનશીપો વિકસીત થવાની સંભાવના ઉભી થયેલ છે. આ સંજોગોમાં આ સમગ્ર વિસ્તારમાં પાણી તથા ડ્રેનેજ, સ્ટોમ વોટરની સુવિધા ઉભી કરવા વડોદરા મહાનગર સેવાસદન દ્વારા જે સર્વેની કામગીરી થઈ રહેલ છે. તેમાં વુડા વિસ્તાર પુરતા સર્વેની કામગીરીનો ફાળો વુડાએ આપવા ઠરાવવામાં આવ્યુ.આ ઉપરાંત આ વિસ્તારોને આ પ્રકારની સુવિધાઓ, જેવી કે પાણીની ટાંકી, ગટરો, એસટી.પી. વિગેરે ઉપલબ્ધ કરાવવા અંગે કોઈ કામગીરી કરવાની થાય તે વડોદરા મહાનગર સેવાસદન સાથે રહી વુડા દ્વારા કરવામાં આવે તથા તેના મેટેનન્સ અંગે મહાનગર સેવાસદનને સુપ્રત કરી તે અંગે યુઝર્સ ચાર્જ અંગેની વ્યવસ્થા ગોઠવવા અને આ અંગે આગળની જરૂરી સઘળી કામગીરી કરવા દરખાસ્ત વડોદરા મહાનગર સેવાસદનને પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૪) : વેમાલી ખાતે નગર રચના યોજના વેમાલી નં.૧ માં બાકી રહી ગયેલ રોડની કામગીરી કરવા બાબત. .**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે હેતુથી શહેરની ઉત્તરે આવેલ વેમાલી ખાતે નગર રચના યોજના વેમાલી નં.૧ તૈયાર કરવામાં આવેલ, જેને સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ હતી., સદર નગર રચના યોજનાનું અમલીકરણ કરવાનું નકકી થતાં, પ્રથમ તબકકામાં ૧૨.૦ મીટર કે તેથી વધુ પહોળાઈના રોડ બનાવવાનું નકકી થયેલ ત્યારબાદ સ્થાનિક લોકોની રજુઆતને ધ્યાને લઈ ૯.૦ મીટરના તથા અન્ય રસ્તાઓ પણ હાથ પર લેવામાં આવેલ હતા. જેમાં વુડા બોર્ડ બેઠક ક્રમાક : ૨૦૭, તા.૧૧/૦૬/૨૦૧૦ ના ઠરાવ ક્રમાક : ૨૦૧૩ માં મળેલ મંજુરી મુજબ કુલ રૂા.૨૮૧.૩૬ લાખ ના ખર્ચે કાર્પેટ રોડની કામગીરી પુર્ણ કરવામાં આવેલ હતી. જેમાં સમા-સાવલી મુખ્ય રોડની પુર્વ બાજુએ આવેલ તમામ રોડની કામગીરી પુર્ણ કરેલ, પરંતુ સમા-સાવલી રોડના પશ્ચિમ બાજુના ટી.પી રોડ તે સમયે ડેવલોપમેન્ટ ન હોવાના કારણે હાથ ધરવામાં આવેલ ન હતા.હાલમાં પશ્ચિમ બાજુએ પણ ઘણા મકાનો બનતા, તેઓ તરફથી ટી.પી.સ્કીમના બાકી રહેતા રોડ બનાવી આપવા માટે માંગણી કરેલ છે. સમા-સાવલી રોડની પશ્ચિમ બાજુએ કેનાલને સમાંતર ૩૦.૦ મીટરનો તથા અન્ય નાના રોડ મળી અંદાજે ૧.૦૦ કી.મી.ના રોડો બનાવવાના થાય છે.નગર રચના યોજના વેમાલી નં.૧ ના બાકી રહેતાં તમામ રોડોની કામગીરી કરાવવા માટે અંદાજે રૂા.૮૧.૫૦ લાખ નો ખર્ચ થાય તેમ છે. આમ, સદર ટી.પી.સ્કીમમાં બાકી રહેતાં તમામ રોડની કામગીરી કરાવવા તથા તે અગં થનાર અંદાજીત ખર્ચ રૂા.૮૧.૫૦ લાખને મંજુરી અર્થેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૭૪): :** મોજે વેમાલી ખાતે નગર રચના યોજના નં.૧ માં ઉપરોકત દર્શાવ્યા મુજબના બાકી રહેતા તમામ રોડો કાર્પેટના કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૮૧.૫૦ લાખને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૫): જી.ડી.સી.આર.ફોર સ્ટ્રકચરલ સેફટીના અનુસંધાને વુડા ખાતે સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષપર્ટ તથા ટેસ્ટીંગ લેબોરેટરી ને અધિકૃત કરવા બાબત.**

સ્ટ્રકચરલ સેફટી ના નવા નિયમો મુજબ સ્ટ્રકચર ડીઝાઈન માટે સ્ટ્રકચરલ એક્ષપર્ટ તથા સોઈલ અને મટીરીયલ ટેસ્ટીગ માટે લેબોરેટરી અધિકૃત કરવાની જરૂરીયાત સંદર્ભે સ્ટ્રકચર ડીઝાઈન માટે સ્ટ્રકચરલ એક્ષપર્ટ તથા ટેસ્ટીગ માટે લેબોરેટરી ની લાયકાતો અને ફરજો અને જવાબદારીઓ નકકી કરવા માટે તા : ૧૧/૦૫/૨૦૦૧ની વુડાની બોર્ડ બેઠક નં.૧૬૭ માં રજુ કરેલ અને ઠરાવ ક્રમાંક ૧૪૭૯ થી મંજુર કરેલ લાયકાતો અને જવાબદારી ઓ પ્રમાણે અરજીઓ મંગાવી ચકાસણી કરી બોર્ડ સમક્ષ મૂકી લેબોરેટરીઓ તેમજ સ્ટ્રકચરલ એક્ષપર્ટને અધિકૃત કરવા માટે વુડાની બોર્ડ બેઠકમાં મુકી મંજુરી આપવા માટે ઠરાવેલ હતું.

હાલ ટેસ્ટીંગ લેબોરેટરી માટે ટેકનોકેટ એન્જીનીયરીંગ સર્વીસીશ એન્ડ લેબ તથા સાંઈ જીઓટેકનીકલ લેબની મળી કુલ બે અરજીઓ મળેલ છે. જેમાં લેબોરટરી કેટલા વર્ષથી કાર્યરત છે તથા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોવા બાબતે આ લેબોરેટરીમાં કયાકયા ટેસ્ટ કરવામાં આવે છે.તેની વિગતો તથા મટીરીયલ ટેસ્ટીગ માટે ટેકનિકલ સ્ટાફની વિગતો તથા ટેસ્ટીંગ સાધનોની વિગતો રજુ કરેલ છે.જે ચકાસતા ટેકનોકેટ એન્જીનીયરીંગ સર્વીસીશ એન્ડ લેબ નિયત થયેલ લાયકાતો ધરાવે છે. જયારે સાંઈ જીઓટેકનીકલ લેબ પાંચ વર્ષથી કાર્યરત હોવાની લાયકાત ધરાવતું નથી.વધુમાં સ્ટ્રકચરલ ડીઝાઈન માટે સ્ટ્રકચરલ એક્ષપર્ટ માટે કુલ-૪ (ચાર) અરજી મળેલ છે. જેમાં (૧) ટેકનોકેટ એન્જીનીયરીંગ સર્વીસીશ એન્ડ લેબ (૨) જીઓ ડીઝાઈન એન્ડ રીસર્ચ પ્રાઈવેટ લીમીટેડ (૩) આર.વી.પટેલ એસોસીએટસ (૪) પટેલ નરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ નો સમાવેશ થાય છે. તેઓની નિયત થયેલ ધોરણ મુજબ ચકાસતા અનુક્રમ નં(૪) ના શ્રી નરેદ્ધભાઈ પ્રાગજીભાઈ પટેલ નો સ્ટ્રકચરલ ડીઝાઈનનો અનુભવ વીસ વર્ષ કરતા ઓછો હોઈ તે સીવાયના ત્રણે ઉમેદવારો નિયત લાયકાતો મુજબ યોગ્ય છે. આથી ઉપરોકત વિગતે ટેસ્ટીગ લેબોરેટરી અને સ્ટ્રકચરલ એક્ષપર્ટ માટે નિયત થયેલ લાયકાતો મુજબ એક ટેસ્ટીગ લેબોરેટરી તથા ત્રણ સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષપર્ટ તરીકે અધિકૃત કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકમાં ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા બોર્ડ સભ્યશ્રીઓ ધ્વારા સ્ટ્રકચરલડીઝાઈન એક્ષપર્ટ તથા ટેસ્ટીગ લેબોરેટરી અધિકૃત કરવા માટેની લાયકાતો અંગે વિસ્તૃત ચર્ચા કરી જેમાં જે લોકો સ્ટ્રકચરલ એક્ષપર્ટ તરીકે નિયત થયેલ લાયકાત મુજબ ૨૦-વર્ષ કરતાં ઓછો અનુભવ ધરાવતા હોય પરંતુ વધુ પ્રમાણમાં સ્ટ્રકચરલ ડીઝાઈન કરેલ હોય તો તે અંગેની બાબત ધ્યાને લઈ લાયકાતના ધોરણમાં છુટછાટ આપવા વિચારવું જોઈએ તથા ટેસ્ટીગ લેબોરેટરીમાં પુરતા અને જરૂરી તમામ સાધનો હોય પરંતું નિયત લાયકાત મુજબ ૫-વર્ષથી કાર્યરત હોવાની લાયકાત ધરાવતું ન હોય તેઓ માટે લાયકાતના ધોરણમાં છુટછાટ આપવા વિચારવું જોઈએ તેમ બોર્ડ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. તથા હાલ નિયત લાયકાતો ધરાવતી ૧-લેબોરેટરી તથા ૩-સ્ટ્રકચરલ એક્ષપર્ટ ને અધિકૃત કરવા તથા બાકી રહેતી ૧-લેબોરેટરી તથા ૧-સ્ટ્રકચરલ એક્ષપર્ટ અંગે વિગતવાર ચકાસણી કરી આગામી બોર્ડમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૭૫)</u> :** ટેસ્ટીગ લેબોરેટરી તથા સ્ટ્રકચરલ એક્ષપર્ટ માટે મળેલ અરજીઓ પૈકી નિયત લાયકાતો ધરાવતી ૧-ટેસ્ટીગ લેબોરેટરી તથા ૩-સ્ટ્રકચરલ એક્ષપર્ટ ને અધિકૃત કરવા તથા બાકી રહેતી ૧-ટેસ્ટીગ લેબોરેટરી તથા ૧-સ્ટ્રકચરલ એક્ષપર્ટ માટેની અરજી અંગે વિગતવાર ચકાસણી કરી આગામી બોર્ડમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**